## સંક્ષિપ્ત સમાચાર

### સાયણમાં બાઈક ચોરીનો ભેદ ઉકેલાયો



પલસાણા, સાયણ: સુરત ગ્રામ્ય LCB પોલીસે બાતમીના આધારે સાયણ-ઉમરા રોડ પરથી ચોરાયેલી મોટરસાઇકલ સાથે એક આરોપીને ઝડપી પાડ્યો હતો. પકડાયેલા આરોપીની ઓળખ અરેંદ્ર બ્રિટીશ કરણ (ઉં.વ.૩૪) (મૂળ ઓડિશા, હાલ રહે.,શિવ શક્તિ એપાર્ટમેન્ટ, સાયણ) તરીકે થઈ છે. આરોપીએ નાણાંની જરૂરિયાત હોવાથી 25 દિવસ પહેલાં સાયણ વાય સર્કલ પાસે દેવ નારાયણ કપડાની દુકાન બહારથી હીરો સ્પ્લેન્ડર બાઇક ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. પોલીસે આરોપી પાસેથી ૨૦,૦૦૦ની કિંમતની બાઇક નં.(GJ-19-AD-7410), ૧૦,૦૦૦નો મોબાઇલ અને ૪૦૦ રોકડા મળી કુલ 30,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ અંગે ઓલપાડ પોલીસ મથકે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### કામરેજના ખોલવડમાં લિફ્ટનો તાર તૂટી પડતાં ત્રણ શ્રમિક ઘાયલ

કામરેજ: ખોલવડના અમૃત ઉદ્યોગનગરના ખાતા નં.૫૭/૫૮માં બપોરે 3:30 કલાકે ૨૦ કટ્ટા ચઢાવવા માટે લિફ્ટમાં જઈ રહેલા ત્રણ મિત્ર સંજય રાઠોડ, દિનેશ અને યોગેશ લિફ્ટનો તાર તૂટી જતાં ત્રીજા માળેથી સીધા ગ્રાઉન્ડ ફ્લોર પર પટકાયા હતા. લસકાણા મજૂરી બજારમાંથી કામ અર્થે આવેલા આ ત્રણેય મજૂરોને નીચે પટકાતાં ગંભીર ઈજા પહોંચી હતી. દુર્ઘટના બાદ ત્રણેયને તાત્કાલિક સારવાર અર્થે સુરતની હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ બનાવ અંગે કામરેજ પોલીસે જાણવા જોગ નોંધ દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

### સ્યાદલાના યુવાનનું તાવને કારણે મોત

કીમ: કીમ નજીક સ્યાદલા ગામની રાજમંદિર રેસિડેન્સીમાં રહેતા ૨૯ વર્ષીય પવનકુમાર ઉર્ફે સોનુ કિષ્ના મહંતોનું મેલેરિયાના કારણે સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. મૂળ બિહારનો વતની પવનકુમાર છેલ્લા ત્રણ-ચાર દિવસથી તાવથી પીડાતો હતો અને લોહીના રિપોર્ટમાં મેલેરિયા પોઝિટિવ આવ્યો હતો. તબિયત લથડતાં તેને સાયણ જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન ઓક્સિજન લેવલ ઘટી જતાં રાત્રે તેનું મોત થયું હતું. આ અંગે કીમ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

### કીમ-કુડસદ રોડ પર બે બાઇક સામસામે અથડાઈ


કિરણ ઢોડિયા

કીમ: ઓલપાડ તાલુકાના કીમ-કુડસદ રોડ પર રવિવારે સાંજે બે મોટરસાઇકલ સામસામે અથડાતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં બંને બાઇકચાલકોને ગંભીર ઇજા પહોંચી હતી. મળતી વિગતો મુજબ ઇજાગ્રસ્ત થયેલા બંને બાઇકચાલક કુડસદ ગામના જ રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માત બાદ ઘટના સ્થળે લોકોનાં ટોળાં ઊમટી પડ્યાં હતાં. ઘટનાની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને બંને ઇજાગ્રસ્તને વધુ સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યા હતા. અકસ્માત કયાં કારણોસર સર્જાયો તે અંગે હજુ સુધી ચોક્કસ માહિતી મળી નથી, જે અંગે આગળની તપાસ ચાલી રહી છે.

### ફેદરિયા ગામે આતંક મચાવતો દીપડો પાંજરે પુરાયો



માંડવી: માંડવી-ઝંખવાવ રોડ પર આવેલા ફેદરિયા ગામ અને આસપાસના વિસ્તારમાં વારંવાર દીપડો દેખા દેતો હોવાથી સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. આ અંગે ગ્રામજનો દ્વારા દક્ષિણ વન વિભાગનાં RFO રમાબેન વસાવાને જાણ કરાતાં પાંજરું ગોઠવાયું હતું. સોમવારે વહેલી સવારે શિકારની શોધમાં નીકળેલો દીપડો પાંજરામાં પુરાયો હતો. આમ પાંજરે પુરાયાલો દીપડાનો કબજો લઈ આગળની પ્રક્રિયા હાથ ધરી હતી.

### કોસંબામાં હિના પાર્ક એપાર્ટમેન્ટના પાંચમાં માળેથી પટકાતાં વિદ્યાર્થિનીનું મોત

હથોડા: કોસંબા પોલીસ મથક હદના જીન રોડ ખાતે આવેલા હિના પાર્ક એપાર્ટમેન્ટમાં ચોથા માળે રહેતા પંચાનંદ ગણેશ ભગતની 13 વર્ષની પુત્રી ખુશી એપાર્ટમેન્ટના ધાબા પર સૂકવવા માટે નાંખેલો યુનિફોર્મ લેવા ગઈ હતી. ત્યારે આકસ્મિક રીતે પાંચમા માળેથી નીચે પટકાતાં તેનું મોત થયું હતું. આ બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### તરસાડાના સ્વ.આશિષભાઈ હળપતિના પરિવારજનોને રૂ.૧૦ લાખની સહાય



સુરત: માંડવીના તરસાડા ગામે સુરેખાબેન રમેશભાઈ હળપતિના પુત્ર સ્વ.આશિષભાઇ હળપતિને વીજ કરંટ લાગવાથી થયેલા આકસ્મિક અને દુઃખદ અવસાન અંગે પરિવારજનોએ માંડવી ખાતે ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિ સમક્ષ રૂબરૂ રજૂઆત કરી હતી. આ ગંભીર દુર્ઘટના સંદર્ભે ધારાસભ્યએ ત્વરિત સંવેદના દાખવી સંબંધિત સરકારી તંત્ર તથા વીજ કંપનીના ઉચ્ચ અધિકારીઓ સાથે ટેલિફોનિક તેમજ રૂબરૂ પરામર્શ કરી અસરગ્રસ્ત પરિવારને સરકારી નિયમોનુસાર ત્વરિત આર્થિક સહાય મળી રહે તે માટેની પ્રક્રિયા હાથ ધરવા સૂચના આપી હતી. ધારાસભ્યના સક્રિય પ્રયાસોના પરિણામે સ્વ. આશિષભાઈના પરિવારને રૂ.૧૦ લાખની આર્થિક સહાય પ્રાપ્ત થઇ છે. આ વેળા જી.ઈ.બી.ના એક્ઝિક્યુટિવ એન્જિનિયર એચ.જે. શેઠના, ડી.જી. મોરી સહિત અધિકારીઓ, સંગઠન હોદ્દેદારો, સરપંચો તેમજ અગ્રણીઓએ ઉપસ્થિત રહ્યા હતા.

# સુરત જિલ્લામાં 49 રેસ્ટોરા સહિત 6 એકમમાં તપાસ

**નકલી** એનાલોગ પનીર સામે ફૂડ વિભાગની તવાઈ


વિશાલ પટેલ

કામરેજ: ગુજરાત સરકાર દ્વારા લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા નકલી એનાલોગ પનીરના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ તેમજ હોટલ-રેસ્ટોરન્ટમાં તેના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવતાં સુરત જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ વિભાગ હરકતમાં આવ્યો છે. રાજ્યભરમાં નકલી અને ભેળસેળયુક્ત ખાદ્યપદાર્થો સામે ચાલી રહેલી ઝુંબેશના ભાગરૂપે સુરત જિલ્લામાં પણ સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

સુરત જિલ્લા ફૂડ અધિકારી એચ.કે.સોલંકીના માર્ગદર્શન હેઠળ ફૂડ વિભાગની ટીમે છેલ્લા ત્રણ દિવસ દરમિયાન કામરેજ, ઓલપાડ, પલસાણા, માંડવી, બારડોલી સહિતના તાલુકાઓમાં એનાલોગ પનીર, ચીઝ અને બટરની ચકાસણી કરી હતી.

આ કાર્યવાહી દરમિયાન જિલ્લામાં 6 જેટલા દૂધ અને દૂધની બનાવટોના ઉત્પાદકો તેમજ 49 હોટલ-રેસ્ટોરન્ટમાં તપાસ કરવામાં આવી હતી. ફૂડ વિભાગની તપાસમાં કુલ 4 કિલો એનાલોગ પનીર અને 1 કિલો એક્સપાયર થયેલા પનીરનો જથ્થો મળી આવ્યો હતો.

જેનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. લોકોનાં આરોગ્ય સાથે ચેડાં કરતા નકલી અને ભેળસેળયુક્ત ખાદ્યપદાર્થોનું ઉત્પાદન તથા વેચાણ કરતાં તત્ત્વો સામે ફૂડ વિભાગ દ્વારા આગામી દિવસોમાં પણ કાર્યવાહી વધુ સઘન બનાવવામાં આવશે.

## પુના ગામમાં યુવકે ફાંસો ખાધો

અનાવલ: મહુવાના પુના ગામ આશ્રમ ફળિયામાં રહેતા ૧૯ વર્ષીય યુવકે પોતાના ઘરમાં ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી ગઈ છે. ઘટના અંગે અનાવલ પોલીસ મથકે અકસ્માતે મોતનો ગુનો નોંધાયો છે. મૂળ રાજસ્થાનના ભીલવાડા અને હાલ પુના ગામ આશ્રમ ફળિયા ખાતે રહી મજૂરીકામ કરતા નંદલાલ હજારીલાલ તૈલીનો ૧૯ વર્ષીય પુત્ર દિલખુશ તૈલી પોતાના ઘરમાં હતો. દરમિયાન ગત તા.૯ ઓગસ્ટના રોજ રાત્રિના ૧૦થી ૧૧:૩૦ વાગ્યાના અરસામાં તેણે પોતાના ઘરમાં અગમ્ય કારણોસર લાકડાના ભારોટ સાથે દોરડું બાંધી ફાંસો ખાઈ લીધો હતો. આ બનાવ અંગે મૃતકના પિતા નંદલાલ તૈલીએ અનાવલ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. જેના આધારે અનાવલ પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોતનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## કામરેજ સુગરની ચૂંટણીમાં 14 ઝોનમાં 31 ઉમેદવાર મેદાને

**નાના** સીમાંત, એરથાણ, દિગસ અને મોટા વરાછા ઝોનમાં ઉમેદવારોની બિનહરીફ વરણી

કામરેજ: કામરેજના નવી પારડી ખાતે કાર્યરત કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળીની ચૂંટણીમાં વર્તમાન પ્રમુખની સામે માજી પ્રમુખે પોતાની પેનલ મેદાને ઉતારી છે. ત્યારે ઉમેદવારી પરત ખેંચવાના અંતિમ દિને ચાર ઝોનમાં ઉમેદવારોની બિનહરીફ વરણી થઈ છે. જ્યારે 14 ઝોન માટે 31 ઉમેદવાર વચ્ચે ચૂંટણી જંગ જામશે.

ખેડૂતોની જીવાદોરી સમાન કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળીની ચૂંટણીનો જંગ જામ્યો છે. ત્યારે સહકારી રાજકારણ ગરમાયું છે. કામરેજ સુગરની ચૂંટણી જાહેર થતાં જ વર્તમાન પ્રમુખ અશ્વિન પટેલ (દાઢી)ની ત્રાજવાની પેનલ સામે માજી પ્રમુખ નવીન પટેલના પુત્ર જતીન પટેલ તેમજ જયેશ પટેલ (પીપોદરા)ની બળદગાડાની પેનલ મેદાને ઉતારી છે, જેમાં ચૂંટણી જાહેર થતાં 18 ઝોનમાંથી કુલ 66 ઉમેદવારે પોતાની ઉમેદવારી નોંધાવી હતી. પરંતુ સોમવારે ઉમેદવારી પરત ખેંચવાના અંતિમ દિને અશ્વિન પટેલની સહકાર પેનલના નાના સીમાંત અનામત ઝોનમાં વર્તમાન ડિરેક્ટર પ્રવીણચંદ્ર મોતીભાઈ પટેલ (ભૈરવ), એરથાણ ઝોનમાં વર્તમાન ડિરેક્ટર અમીત ભગવતીભાઈ પટેલ (ભારૂંડી), દિગસ ઝોનમાં અંકુર હસમુખભાઈ પટેલ (શામપુરા) અને મોટા વરાછા ઝોનમાં યોગેન્દ્રસિંહ ચંદ્રસિંહ બાકરોલ (કોસાડ)ની બિનહરીફ વરણી થઈ છે. જ્યારે બાકીના 14 ઝોનમાં 31 ઉમેદવાર વચ્ચે ચૂંટણી જંગ જામશે. વધુમાં કામરેજ ઝોનમાં વર્તમાન પ્રમુખ અશ્વિન પટેલની સામે માજી પ્રમુખ નવીન પટેલના પુત્ર જતીન પટેલે ઉમેદવારી નોંધાવી છે. જ્યારે પીપોદરા ઝોનમાં પણ વર્તમાન ડિરેક્ટર અફઝલ પઠાણ સામે માજી પ્રમુખ જયેશ પટેલ (પીપોદરા)એ ઉમેદવારી નોંધાવી છે. જોખા, બૌધાન અને અનુસૂચિત જાતિ-જન જાતિ ઝોનમાં એક અપક્ષ ઉમેદવારે પણ ચૂંટણીમાં ઝંપલાવ્યું છે. ત્યારે આગામી 20મી ઓગસ્ટના રોજ સવારે 9થી સાંજે 5 કલાક સુધી મતદાન યોજાશે ને ઉમેદવારોનું ભાવિ મતપેટીમાં સીલ થશે.

## ‘તું મારો ફોટો કેમ પાડે છે’ કહી પાનસરામાં યુવાન પર હુમલો

**ઘટના** સીસીટીવી કેમેરામાં કેદ, ત્રણ સામે ફરિયાદ


ઈબ્રાહીમ કાનુ

હથોડા: પાનસરા ગામે ફોટો પાડવાની ઘટના બાબતે એક યુવાન પર લોખંડના પાઈપથી હુમલો થયો હતો. આ બનાવમાં ત્રણ જણા સામે ફરિયાદ નોંધાઈ હતી.

પાલોદ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના પાનસરા ગામે ફોટો પાડવાની મામૂલી આશંકાએ હિંસક સ્વરૂપ ધારણ કરતાં અરેરાટી વ્યાપી ગઈ છે. ગામમાં રહેતા અને કોન્ટ્રાક્ટનું કામ કરતા માંગીલાલ જમનારામ ચૌધરી અને તેમના મિત્ર ભગવાનસિંહ તુલસીરામ રાત્રિના સમયે સોસાયટી નજીકની દુકાને જઈ રહ્યા હતા. દરમિયાન ત્યાંથી પસાર થતી એક કારમાંથી ઊતરેલા ગૌરવ નામના યુવકે ‘તમે મારો ફોટો કેમ પાડો છો?’ તેમ કહી ઝઘડો શરૂ કર્યો હતો. ઉશ્કેરાયેલા ગૌરવે ગાળો આપી લોખંડના સળિયા વડે ભગવાનસિંહના માથામાં હુમલો કરી તેમને રક્તરંજિત કરી દીધા હતા. આટલેથી ન અટકતાં ગૌરવ, તેનો ભાઈ શિવા અને જીતુ જાટ નામના ત્રણેય શખ્સો માંગીલાલના ઘરે પહોંચી ગયા હતા. ત્યાં તેમણે માંગીલાલ અને તેમના પુત્ર કિશોર પર લોખંડના પાઈપ અને સળિયા વડે તૂટી પડી આતંક મચાવ્યો હતો. વચ્ચે પડેલા બીજા પુત્ર રાકેશને પણ ગૌરવે લોખંડનો સળિયો મારી ગંભીર ઈજા પહોંચાડી હતી અને ત્રણેય હુમલાખોરો જાનથી મારી નાંખવાની ધમકી આપી ભાગી છૂટ્યા હતા. આ સમગ્ર હિંસક ઘટનાનાં દૃશ્યો નજીકના CCTV કેમેરામાં કેદ થઈ જતાં ચકચાર મચી ગઈ હતી. ઘટના અંગે પાલોદ પોલીસને જાણ થતાં જ પોલીસ કાફલો દોડતો થયો હતો. પોલીસે આતંક મચાવનાર મુખ્ય આરોપી ગૌરવ, શિવા અને જીતુ જાટ વિરુદ્ધ ગુનો નોંધી તેમની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યાં છે.

## કુકરમુંડામાં આદિવાસીઓના પ્રશ્નો બાબતે મામલતદારને આવેદન પાઠવાયું

કુકરમુંડા: ૯ ઓગસ્ટ ‘વિશ્વ આદિવાસી દિવસ’ નિમિત્તે કુકરમુંડા તાલુકા આદિવાસી હક્ક સંરક્ષણ સમિતિ દ્વારા મામલતદાર મારફતે રાજ્યપાલને સંબોધીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું, જેમાં ઉકાઈ અસરગ્રસ્ત આદિવાસી વિસ્તારો માટે ટ્રાયબલ સબ પ્લાન હેઠળ વિશેષ ગ્રાન્ટ, બંધારણની ૫મી અને ૬ઠી અનુસૂચિનો અમલ તથા ૯ ઓગસ્ટે જાહેર રજા ઘોષિત કરવાની માંગ કરાઈ છે. આ સાથે રસ્તા, વીજળી, પીવાનું પાણી, સિંચાઈ અને પૂરતી બસ સુવિધા જેવી પાયાની જરૂરિયાતો સંતોષવા રજૂઆત થઈ હતી. શૈક્ષણિક ક્ષેત્રે નવી શાળા-કોલેજો, હોસ્ટેલ અને સ્થાનિક ઉમેદવારોને ભરતીમાં પ્રાથમિકતા આપવા તેમજ આરોગ્ય સેવાઓ સુધારવા માંગ કરી હતી. જેથી દર્દીઓને મહારાષ્ટ્ર જવું ન પડે. અંતમાં રાજ્યપાલ રૂબરૂ મુલાકાત લઈ પ્રશ્નોનો ઉકેલ લાવે તેવી આશા વ્યક્ત કરાઈ હતી.

## માસમા ગામે ટ્રક ચાલકનું હાર્ટ એટેકથી મોત

સાયણ: ઓલપાડના માસમા ગામની આઈસ ફેક્ટરીમાં ટ્રકમાં બરફ ભરવા ગયેલા ૪૨ વર્ષીય ટ્રક ચાલકનું અચાનક હાર્ટ એટેક આવવાથી મોત નીપજ્યું હતું. મૂળ જૂનાગઢના ડુંગરપુરનો વતની અને હાલ ઓલપાડમાં રહેતો સોયબ દુરમહંમદ રહીશ ટ્રક નં.(જીજે-૩૨, વી-૭૬૦૦) લઈને માસમા સ્થિત ફેક્ટરીમાં બરફ ભરવા ગયો હતો. તે સમયે ટ્રકની કેબિનમાં આરામ કરતી વખતે અચાનક છાતીમાં ગભરામણ થતાં તેને સારવાર અર્થે ઓલપાડ CHC ખાતે ખસેડાયો હતો, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

## તાતીથૈયાની વિનસ મિલમાં ગરમ પાણીમાં પડતાં શ્રમિક યુવતી દાઝી

**બાથરૂમમાંથી** બહાર નીકળતી વેળા પગ લપસી જતાં બનેલી ઘટના

પલસાણા: પલસાણાના તાતીથૈયાની વિનસ મિલમાં મધરાતે રાત્રિ પાળીમાં કામ કરતી ૧૮ વર્ષીય શ્રમિક યુવતી બાથરૂમ જઈ પરત ફરતી વખતે બહાર ઢોળાયેલા ગરમ પાણીમાં લપસી પડતાં દાઝી ગઈ હતી.

મૂળ મધ્યપ્રદેશના સતનાના અમરપાટનના ખરમશેડા અને હાલમાં પલસાણાના જોળવામાં લાલાભાઈની બિલ્ડિંગમાં રૂમ નં.૧૦માં રહેતી ૧૮ વર્ષીય સરસ્વતીબેન અનુરાગ રામસ્વરૂપ પ્રસાદ તાતીથૈયાની વિનસ મિલમાં નોકરી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. ગત તા.૯મી ઓગસ્ટે રાતે આશરે સાડા ત્રણેક વાગ્યાના અરસામાં સરસ્વતીબેન મિલમાં કામ કરી રહ્યાં હતાં. દરમિયાન તેઓ બાથરૂમ ગયાં હતાં અને ત્યાંથી પરત મશીન ઉપર જતી વખતે બાથરૂમની બહાર ગરમ પાણી પડેલું હોવાથી અચાનક તેમનો પગ તેમાં લપસી ગયો હતો.

આથી સરસ્વતીબેન ગંભીર રીતે દાઝી ગયાં હતાં. ઘટનાને પગલે મિલમાં અન્ય કામદારો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત યુવતીને તાત્કાલિક સારવાર અર્થે સુરત શહેરના પુણા પાટિયા ખાતે આવેલી એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આ બનાવ સંદર્ભે કડોદરા જીઆઈડીસી પોલીસે સરસ્વતીબેનની જાહેરાતના આધારે જાણવા જોગ નોંધી છે અને અનાર્મ હેડ કોન્સ્ટેબલ સંજયભાઈ ધરમશીભાઈને આગળની વધુ તપાસ સોંપવામાં આવી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વ્યારાની ડ્રીમ્ઝ પ્લે સ્કૂલમાં ફેન્સી ડ્રેસ સ્પર્ધા યોજાઈ



સુરત: વ્યારાના પાનવાડી રોડ ખાતે છેલ્લાં ૮ વર્ષથી કાર્યરત ‘વ્યારા ડ્રીમ્ઝ પ્લે સ્કૂલ’ ખાતે તાજેતરમાં બાળકો માટે ‘ફેન્સી ડ્રેસ’ (વેશભૂષા) સ્પર્ધાનું આકર્ષક આયોજન કરાયું હતું. આ સ્પર્ધામાં શાળાના નર્સરી, જુનિયર કે.જી. અને સિનિયર કે.જી. વિભાગનાં ભૂલકાંએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધા દરમિયાન બાળકો ડોક્ટર, એન્જિનિયર, સોલ્જર, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, પોલીસમેન, જોકર, પાયલટ અને સ્પાઈડરમેન જેવાં વિવિધ આકર્ષક વેશ ધારણ કરી મંચ પર રજૂ થયા હતા. નર્સરી વિભાગમાં પ્રથમ ક્રમે ધ્રીયા પટેલ, દ્વિતીય ક્રમે શ્રીનિધિ રબારી અને તૃતીય ક્રમે હિતાર્થ ગામિત વિજેતા બન્યાં હતાં. જુનિયર કે.જી. વિભાગમાં પ્રથમ આરના ટંડેલ, દ્વિતીય હિતાન્શી ચૌહાણ અને તૃતીય દવિજ ચૌધરીએ સ્થાન મેળવ્યું હતું. જ્યારે સિનિયર કે.જી. વિભાગમાં પ્રથમ કેનિથ વાનખેડે, દ્વિતીય વૈદિક પારેખ અને તૃતીય ક્રમે દિવ્યજીતસિંહ ડોડીયા વિજેતા રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના મુખ્ય શિક્ષક નિર્લેપ શુક્લ, શ્વેતા શુક્લ તથા શિક્ષિકા ઇન્દિરાબેને ભારે જહેમત ઉઠાવી હતી.

### કરચેલીયાના યુવકની વાંસકુઈ નહેરમાંથી ડી-કમ્પોઝ હાલતમાં લાશ મળી

અનાવલ: મહુવાના કરચેલીયા ગામના માસ્તર ફળિયામાં રહેતા 37 વર્ષીય બકુલભાઈ વનમાળીભાઈ ગરાસીયા ગત 3 ઓગસ્ટના રોજ અડધી રાત્રે ઘરેથી અચાનક ગુમ થયા હતા. માનસિક અસ્થિરતા ધરાવતા યુવકની પરિવારજનોએ ભારે શોધખોળ કરી હતી, પરંતુ કોઈ પત્તો મળ્યો નહોતો. દરમિયાન ૧૦ ઓગસ્ટે વાંસકુઈ ગામના નેવાણીયા ફળિયામાંથી પસાર થતી કાંકરાપાર ડાબા કાંઠાની નહેરના પેટી પુલ પાસેથી એક યુવકની લાશ તરતી મળી આવી હતી. તપાસ કરતાં આ મૃતદેહ ગુમ થયેલા બકુલભાઈનો હોવાનું ખૂલ્યું હતું. પાણીમાં ડૂબી જવાથી મૃતદેહ તદ્દન ડી-કમ્પોઝ હાલતમાં મળ્યો હતો. અનાવલ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ડોલવણમાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી વેળા યુવક પર હુમલો

વ્યારા: ડોલવણમાં ૯ ઓગસ્ટે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી દરમિયાન સંગીતના તાલે નાચી રહેલા વરજાખણના ૧૮ વર્ષીય યુવક પર ચાર શખ્સે હુમલો કર્યો હતો. રાજેશ, હિનેલ, પાર્થ અને સ્મિત નામના ઇસમોએ યુવકને બહાર ખેંચી ઢીકામુક્કીનો માર મારતાં તેને માથામાં ત્રણ ટાંકા આવ્યા છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વ્યારામાં વાહન અડફેટે યુવકનું મોત

વ્યારા: વ્યારા નજીક ખુશાલપુરા રેલવે ઓવરબ્રિજ પાસે ગત તા.30 જુલાઈએ અજાણ્યા વાહને બાઇકને અડફેટે લેતાં મૂળ રાજસ્થાન અને હાલ બારડોલીના બાબેનમાં રહેતા સંજેશકુમાર ગોસ્વામી (ઉં.વ.૩૫) ગંભીર રીતે ઘવાયા હતા. સુરત નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન ૯ ઓગસ્ટે તેમનું મોત નીપજ્યું હતું. આ અંગે વ્યારા પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વ્યારામાં બસ અડફેટે મહિલાનું મોત

વ્યારા: વ્યારાના ઉનાઈ નાકા પાસે અંબાજી મંદિર સામે ગત ૯ ઓગસ્ટે બપોરે એસ.ટી. બસે અડફેટે લેતાં વ્યારાનાં નિતાબેન વિજયભાઈ પંચાલ (ઉં.વ.૫૮)નું મોત નીપજ્યું હતું. કુકરમુંડાથી નવસારી જતી બસના ચાલક પ્રહલાદ મુસાલે વિરુદ્ધ મૃતકના પુત્રની ફરિયાદના આધારે વ્યારા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### ડેડિયાપાડામાં કરંટ લાગતાં યુવાનનું મોત

ભરૂચ, ચિકદા: તા.9મી ઓગસ્ટે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી અંતર્ગત ડેડિયાપાડામાં યોજાયેલી રેલી દરમિયાન વીજ કરંટ લાગવાથી 33 વર્ષીય યુવાનનું મોત નીપજ્યું હતું. ડેડિયાપાડા તાલુકાના બલ ગામે ટેમરી ફળિયામાં રહેતા સંજયકુમાર ધનજીભાઈ વસાવા (ઉં.વ.33) રેલીમાં જોડાયા હતા. સાંજે લગભગ 5:45 વાગ્યે સંસ્કાર વિદ્યાલય નજીક આ અકસ્માત સર્જાયો હતો. નૃત્ય-ગાનથી થાકી જતાં સંજય નસીબ સટ્ટા બેન્ડ પાર્ટીના ટેમ્પો પર ચઢ્યો હતો. જ્યારે તેઓ ટેમ્પોપરથી નીચે ઊતરતો હતો, ત્યારે તેમની છાતી ઉપરથી પસાર થતા વીજવાયર સાથે અથડાઈ જવાથી તીવ્ર કરંટ લાગ્યો હતો. આઘાતથી તે ટેમ્પો પરથી નીચે પટકાઈ ગયો હતો. ઘટના સ્થળેથી તેને તાત્કાલિક ડેડિયાપાડા સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ મામલે ડેડિયાપાડા પોલીસ મથકમાં અકસ્માત મોતનો ગુનો નોંધવામાં આવ્યો છે.


Milano MULTIPLEX

બારડોલી

Spider-Man:Brand New Day-2D
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm

Hip Hip Hurray-Gujarati
02:00pm, 09:00pm

Get Set Go-Gujarati
12:00pm, 06:00pm

DC - 11:00am, 03:00pm, 09:30pm

Jan Neta - 05:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333


**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૨૩૦/૨૦૨૬
તા.૧૯/૦૬/૨૦૨૬

વાદી :- ગૌરીબેન રીતેશભાઇ ભાવસાર, રહે.નડીયાદ શાંતીવન સોસાયટી, ઘર નં.બી-૫૩, જી.ખેડા.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી ઉશ્કેર રામકુંડ ગૃપ ગ્રા.પં., તા.અરેઠ,જી.સુરત-૩૯૪૧૪૦

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી ગૌરીબેન રીતેશભાઇ ભાવસાર, રહે. નડીયાદ શાંતીવન સોસાયટી, ઘર નં.બી-૫૩, જી.ખેડાએ તેઓના પુત્રી પ્રાચી રીતેશકુમાર ભાવસારનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: પ્રાચી રીતેશકુમાર ભાવસાર ૨. જન્મ તારીખ: ૦૬/૧૨/૨૦૨૩ ૩. જન્મનું સ્થળ: મોજે.તોગાપુર, તા.અરેઠ, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે પ્રાચી રીતેશકુમાર ભાવસારના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૦/૦૮/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

**જાહેર ચેતવણી**

આથી લાગતા વળગતા તમામને તથા જાહેર જનતાને આ જાહેર ચેતવણી આપી જણાવવાનું કે, મોજે સાંકી, તા. પલસાણા, જી. સુરતના રેવન્યુ દફતરે રેવન્યુ સર્વે નં.૨૫૭, ૨૫૮/૩, બ્લોક નં.૩૧૭, હે.૧-૯૬-૨૭ચો.મી., આકાર રૂા.૨૩પૈસાથી નોંધાયેલી ખેતીની જમીનવાળી મિલક્ત હમારા અસીલ જયેશભાઈ રણછોડભાઈ રહે: ચલથાણ, તા. પલસાણા, જી. સુરતનાઓની સ્વતંત્ર માલિકીની ચાલી આવેલ છે. હાલમાં અજાણ્યા શખ્સો ધ્વારા ઉપર જણાવેલ મિલકત અંગે વેચાણ અંગેની જાહેર નોટીશ દૈનિક ન્યુઝપેપરમાં પ્રસિધ્ધ કરાવવા વોટસઅપ પર ફરી રહેલ હોવાનું હમારા અસીલની જાણમાં આવેલ છે. હમારા અસીલ ધ્વારા આવી વેચાણ અંગેની જાહેર નોટીશ ઉપર કોઈ સહી કે સંમતિ આપેલ નથી કે હમારા અસીલએ ઉપર જણાવેલ જમીન કોઈને કોઈપણ રીતે વેચાણ, બક્ષીસ, ગીરો કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર એસાઈનના વહેવારો કરેલ નથી અને આવા વ્યવહાર અંગેની નોટીશ જો હોય તો તે કહેવાટી નોટીશ ખોટી અને બોગસ છે. તેવા ઈસમોની તપાસ કરી હમારા અસીલ કાયદેસરની કાનુની કાર્યવાહી કરનાર છે. જેથી આવી કહેવાટી વોટસઅપ નોટીશથી ભરમાવુ નહી અને જાહેર હિતમાં હાલની નોટીશ પ્રસિધ્ધ કરાવી છે.

નવિન જે. મોદી-એડવોકેટ એન્ડ નોટરી તથા હાર્દિક એ. મોદી-એડવોકેટ
મુ.પો.બલેશ્વર, તા. પલસાણા, જી. સુરત, મો.: ૯૮૨૫૫-૬૦૫૪૪, મો : ૯૯૦૯૩-૨૩૩૪૩